એન ફ્રેન્કની કહાણી

બ્રેન્ડા રાલ્ફ લુઈસ



અનુક્રમણિકા

1. એન અને એની ડાયરી
2. આરંભિક વર્ષો
3. જોખમી સમય
4. ગુપ્ત રૂમ
5. ગુપ્ત જીવન
6. નાઝી દ્વારા ધરપકડ
7. એનની કહાણી કહેવી

એન ફ્રેન્કની કહાણી

બ્રેન્ડા રાલ્ફ લુઈસ

એન અને એની ડાયરી

એન ફ્રેન્ક
આયુ 12 વર્ષ
મે, 1942

ઉનાળાનો ગરમ દિવસ હતો, પણ જોરદાર વરસાદ વરસી રહ્યો હતો જે એમ્સ્ટર્ડેમની સડકોને ભીંજવી રહ્યો હતો. ગરમી હોવા છતાં, 13 વર્ષની એન ફ્રેન્ક અને એના માતા-પિતા કપડાંના ઘણા સ્તર પહેરીને ઘરની બહાર નીકળ્યા હતા. એન પાસે એક થેલો હતો જેમાં એણે ઉતાવળે ભેગી કરેલી વસ્તુઓ હતી. એમાં એની બહુ કિંમતી ડાયરી પણ હતી.

એને એ ડાયરીમાં એ બધું આલેખ્યું હતું જેમાં આ દિવસ સુધીનું બધું જ ઘટ્યું હતું.

એન ફ્રેન્કની મૂલ્યવાન ડાયરી

તારીખ હતી 6 જુલાઈ 1942, જે દિવસે એનના પરિવારને છુપાવા જવું પડયું. એ એટલા માટે છુપાવા જઈ રહ્યા હતા કારણકે એ યહૂદી હતા અને યહૂદીઓ પર જર્મનીના નાઝી શાસક ત્રાસ ગુજારી રહ્યા હતા. હવે જયારે નાઝીઓએ નેધરલેન્ડ પર કબ્જો કરી લીધો હતો, ફ્રેન્કનો પરિવાર સંકટમાં હતો.



ફ્રેન્ક પરિવારને ડર હતો કે છુપાવાની જગ્યા સુધી પહોંચવામાં કોઇ એને જોઇ ન લેય. એને ખબર હતી કે નાઝી યહૂદીઓને યાતના શિબિરોમાં મોકલી દેતા હતા, અને પછી બધા લાપતા થઇ જતા હતા.

ફ્રેન્ક પરિવારની છુપાવાની જગ્યા હતી એક વખારની પાછળ બનેલું ઉપ-ભવન, જ્યાં એનના પિતાનો પહેલા ધંધો હતો. ઉપ-ભવનમાં જવાનો એક ગુપ્ત દરવાજો હતો, અને એમાં ઘણા રૂમ હતા જેની બારીમાં કાળા કાગળ લગાવવામાં આવ્યા હતા. બહારથી કોઇને એવી ખબર ન પડી શકે કે કોઇ ત્યાં રહેતું હશે.

છુપાવાની જગ્યા આ ઇમારતમાં હતી.

ઉપ-ભવનના પગથિયાં ચઢીને એન એક વિચિત્ર નવું જીવન શરુ કરવાની હતી.

આગલા બે વર્ષો સુધી એનને બહાર નીકળવાની સંમતિ ન હતી, અને એને લગભગ આખો દિવસ ચૂપ પણ રહેવું પડતું હતું. એને એના આ વિચિત્ર જીવનને એની ડાયરીમાં ટપકાવ્યું. પણ એ બધું જાણ્યા પહેલા આપણે સાવ શરૂઆત સુધી જવું પડશે.

આરંભિક વર્ષો

ફ્રેન્કફર્ટના મરબાકવેગમાં એનનું પહેલું ઘર

એન ફ્રાંકનો જન્મ 12 જૂન 1929 માં જર્મનીના ફ્રેન્કફર્ટ શહેરમાં થયો હતો. એનું આખું નામ એનાલિસ હતું, અને એની એક બહેન હતી જેનું નામ માર્ગો હતું.

માર્ગો એનથી ત્રણ વર્ષ મોટી હતી - એ સૌમ્ય અને શરમાળ છોકરી હતી જેને બધા પ્રેમ કરતા હતા. એન ઉર્મિશીલ હતી અને હંમેશા સવાલો પૂછ્યા કરતી હતી. એનની મોજ-મસ્તી બધાને આકર્ષિત કરતી હતી, ખાસ કરીને એના પિતા ઓટ્ટો ને.

ઓટ્ટો એક બેંક માટે કામ કરતા હતા અને એની પત્ની એડિથ અને નાની દીકરીઓ સાથે ગ્રામીણ પ્રદેશ પાસે બનેલા એક આરામદાયક ઘરમાં રહેતા હતા.

ચાર વર્ષની થવા સુધી એને એક સુખદ બાળપણ વિતાવ્યું, જેમાં બધી સારી વસ્તુઓ હતી. પણ ત્યારે જર્મનીમાં બનેલી ઘટનાઓએ પરિવારનું જીવન બદલી નાખ્યું.

ઓટ્ટો ફ્રેન્ક
એનના પિતા

એડિથ ફ્રેન્ક
એનની માઁ

માર્ગો અને
એન ફ્રેન્ક

એડોલ્ફ હિટલર જર્મનીની નાઝી પાર્ટીનો ફ્યુહરર (નેતા) હતો. 30 જાન્યુઆરી 1933 ના એ જર્મનીનો શાસક બન્યો. એ યહૂદીઓને જર્મનીની બધી સમસ્યાઓ માટે જવાબદાર માનતો હતો. એણે યહુદીઓનું જીવન હરામ કરવાનું શરુ કરી દીધું.

યહુદીઓના ઘર, એની નોકરીઓ છીનવી લેવામાં આવ્યા. જર્મનીના લોકોને કહેવામાં આવ્યું કે એ યહૂદીઓ સાથે કોઇ વ્યવહાર ન કરે. ફ્રેન્ક પરિવાર એવા વિસ્તારમાં જઇને વસ્યો જ્યાંના લોકો હજી મિત્રતાપૂર્ણ હતા. પણ દિવસે ને દિવસે હાલત વધારે ગંભીર થતી જતી હતી.

એડોલ્ફ હિટલર

એડોલ્ફ હિટલર એક સરમુખત્યાર હતો. એટલે કે જર્મની પર એનું પૂરેપૂરું નિયંત્રણ હતું. એના ભાષણ સાંભળવા નાઝી અનુયાયી ઓની ભીડ જામતી હતી.

યહૂદીઓની દુકાનની બારીઓ પર એના વિષે ધૃણાસ્પદ સૂત્રો ચીતરવામાં આવ્યા અને સડકો પર એને અપાયેલી સજા અને એની માર-પીટના કિસ્સા સંભળાવા લાગ્યા.

ઓટ્ટો ફ્રેંકે નક્કી કર્યું કે એ એના પરિવારને નેધરલેન્ડના એમ્સ્ટર્ડમ શહેર લઇ જશે. એનું માનવું હતું કે એનો પરિવાર ડચ લોકોની વચ્ચે સુરક્ષિત રહેશે. અને એ વાસ્તવમાં સુરક્ષિત પણ રહ્યા - થોડા સમય માટે.

સ્કૂટર પાસે ઉભેલી એન એની સહેલી સાંને સાથે રમતી વખતે.

એનનું નવું ઘર એમ્સ્ટર્ડેમના મરવે ડેપ્લેનનું એક એપાર્ટમેન્ટ હતું. એણે થોડા સમયમાં ત્યાં નવા મિત્રો બનાવી લીધા. એમાં થોડા યહૂદી બાળકો પણ હતા જેનો પરિવાર પણ જર્મનીથી ભાગ્યો હતો.

એન અને એની સહેલીઓને પહોળી ફૂટપાથ પર હોપસ્કોચ રમવું, અને સાઇકલ અને સ્કૂટર પર રેસ લગાવવાનું પસંદ હતું. ફ્રેન્ક પરિવારના એપાર્ટમેન્ટની બહાર બનેલા રમતના મેદાનમાં એ સંતાકૂકડી રમતા હતા. શિયાળામાં એનને બરફ પર સ્કેટિંગ કરવાનું સારું લાગતું હતું.

એન એક આનંદી અને લોકપ્રિય છોકરી હતી જેને લોકોને હસાવવાનું પસંદ હતું.

એમ્સ્ટર્ડેમની સ્કૂલમાં એન.

ક્યારેક એ સ્કૂલમાં બહુ બોલવા માટે સંકટમાં પણ પડી જતી હતી. એની એક શિક્ષિકાએ એને 'બોલકી મહારાણી' નું ઉપનામ પણ આપ્યું હતું.

પણ જયારે એન દસ વર્ષની થઇ, તો એના જીવનમાં ફરીવાર ઉથલપાથલ થઇ.

જોખમી સમય

જર્મન હજી ઘણા નજીક હતા, સીમાને સામે પાર. એપ્રિલ 1940 માં એણે નોર્વે અને ડેનમાર્ક પર કબ્જો કરી લીધો. 10 મે ના દિવસે જર્મન સેનાએ લક્સમબર્ગ, બેલ્જીયમ અને નેધરલેન્ડ પર હૂમલો શરુ કર્યો.

એ શુક્રવારનો દિવસ હતો, પણ બધી દુકાનો બંધ હતી. એન સ્કૂલ ગઇ ન હતી. દર થોડી મિનિટોમાં, હવાઇ હૂમલાની ચેતવણીની સાઇરનનો અવાજ સંભળાઇ રહ્યો હતો.

જર્મનીનો હૂમલો

બીજું વિશ્વયુદ્ધ 3 સપ્ટેમ્બર 1939 ના ત્યારે શરુ થયું જયારે જર્મનીએ પોલેન્ડ પર હૂમલો કર્યો. 1940 સુધી હિટલરે યુરોપના ઘણા ભાગ જીતી લીધા હતા.



ચાર દિવસની લડાઇ પછી, નેધરલેન્ડે શરણાગતિ સ્વીકારી. ડચ લોકો અને નાઝી અત્યાચારોથી ભાગીને આવેલા યહૂદીઓ હવે નાઝી શાસનને આધીન હતા. યહૂદીઓએ ઇંગ્લેન્ડ ભાગવાની કોશિશ કરી, પણ જર્મન સેનાએ બંદરો બંધ કરી દીધા.

નાઝી સૈનિકોથી ભરેલી ટ્રક એમ્સ્ટર્ડેમની સડકો પર

નાઝીઓના કબ્જા પછી પણ શરૂઆતમાં જીવન સામાન્ય હતું. દુકાનો ફરી ખુલી ગઈ હતી. બધા પાસે ખાવા-પીવાનું હતું. એન અને માર્ગો ફરી સ્કૂલ જવા લાગી, અને એના પિતા પણ કામ પર પાછા ફર્યા.

ઓટ્ટો ફ્રેન્ક એનો ધંધો પ્રિન્સેનખાટ સ્ટ્રીટ પર આવેલી એક ઇમારતમાં લઈ ગયા. એન અને એની સહેલીઓ ત્યાં ઘણીવાર ટેલિફોન અને ટાઈપરાઇટરથી રમતી અને એક-બીજા સાથે નીચે સડકો પર ચાલતા લોકો પર પાણી ઉડાડવાની શરત લગાડતા.

એનને ચલચિત્રો પસંદ હતા. એ મશહૂર ફિલ્મી કલાકારોના ચિત્રો ભેગા કર્યા કરતી હતી.

પણ ધીરે-ધીરે નાઝીઓએ યહૂદીઓ વિરુદ્ધ કાયદા બનાવ્યા. એને જોયું કે એની પસંદની પ્રવૃત્તિઓ કરવાની અને એની પસંદની જગ્યાએ જવાની એને મનાઈ કરવામાં આવી હતી.



જાન્યુઆરી 1941 માં એક નવો કાયદો લાગુ કરવામાં આવ્યો, જેને લીધે યહૂદીઓને સિનેમાઘરમાં જવાની મનાઈ કરવામાં આવી. ઉનાળામાં દરિયા કાંઠે જવાની પણ મનાઈ કરવામાં આવી. એન ત્યારે બહુ દુઃખી થઈ જયારે તરણ હોજ યહૂદીઓ માટે બંધ કરવામાં આવ્યા.

સપ્ટેમ્બરમાં એનને એની સ્કૂલ છોડીને એક યહૂદી સ્કૂલમાં જવું પડયું. બધા યહૂદી પરિવાર કાયદાની વિરુધ્ધ જવાથી ડરતા હતા.

લાયબ્રેરીમાં, થિયેટરોમાં, સંગ્રહાલયોમાં, કોફી હાઉસમાં અને પ્રાણીસંગ્રહાલયમાં 'યહૂદીઓને પ્રવેશ નિષેધ' ની સૂચના ચોંટાડવામાં આવી. યહૂદીઓને એની સાઇકલો અને ગાડીઓનો વપરાશ છોડવો પડયો. ટ્રામમાં સવારી કરવાની મનાઈ કરવામાં આવી. ક્યારેક કોઈ નાવિક એનને એની નાવમાં લઈ જતો હતો.

"એ ડચ લોકોની ભૂલ નથી કે અમારે આટલો ખરાબ સમય વેઠવો પડે છે," એને એની ડાયરીમાં લખ્યું.

બધા યહૂદીઓને હૂકમ કરવામાં આવ્યો કે એ છ ખૂણાવાળો ડેવિડનો પીળો તારો પહેરે, જે યહુદીઓનું પ્રતીક હતો.

પીળા તારા

પીળા તારાના બિલ્લામાં કાળા અક્ષરોમાં "જૂડ" લખાણ હતું, જેનો અર્થ હતો યહૂદી. એનો અર્થ હતો કે એની સાથે બહિષ્કૃત લોકો જેવો વ્યવહાર કરવામાં આવે.



12 જૂન 1942 ના દિવસે એનની તેરમી વર્ષગાંઠ હતી. ખરાબ સમય હોવા છતાં એને ઘણી ભેટ મળી. ઓટ્ટોએ એને લાલ અને હલકા લીલા રંગના ખાનાવાળી અને ધાતુના તાળાવાળી ડાયરી આપી. એને એના પહેલા પાનાં પર લખ્યું: "આશા કરું છું કે તું મારો ખૂબ સારો સહારો બનીશ અને મને દિલાસો આપીશ."

આ સમય સુધીમાં નાઝી શાસનને લીધે જીવન અસહ્ય બની ગયું હતું. પણ એને અનુભવ્યું કે ડાયરી લેખન એની મદદ કરી રહ્યું હતું. એ એને એની સહેલી માનતી હતી અને એને એની ડાયરીનું નામ પણ રાખ્યું હતું - "કિટ્ટી".

પહેલા એણે સાધારણ વસ્તુઓ વિષે લખ્યું - ગરમ હવામાન, એની પરીક્ષાઓનું પરિણામ, અને એ છોકરાઓ વિષે પણ જેને એ પસંદ કરતી હતી. પણ 5 જુલાઈ 1942 ના રવિવારે જે એણે લખ્યું, એ ઘણું ગંભીર હતું: "પાપા સંતાઈ જવાની વાત કરી રહ્યા છે."

ગુપ્ત રૂમ

જૂનના અંતમાં જર્મનોએ જાહેર કર્યું કે બધા યહૂદીઓને જર્મનીમાં બનેલા કાર્યશિબિરોમાં મોકલવામાં આવશે.

ઓટ્ટો ફ્રેંકે એનને કહ્યું કે એ એના પરિવારને દૂર લઇ જવા નહીં દેય.

પાછલા ઘણા મહિનાથી ઓટ્ટો એની ઓફિસની પાછળ બનેલા ઉપ-ભવનમાં સંતાવાની જગ્યા તૈયાર કરાવી રહ્યા હતા. એ પ્રિન્સેનખાટ પર સ્થિત ગોડાઉનની ઉપર હતું. એ દર અઠવાડિયે એની કમ્પનીની વેનમાં ટેબલ-ખુરસીઓ, ગાદલા-ચાદરો, અને ખાવા-પીવાનો સામાન ધીરે-ધીરે પહોંચાડતા રહ્યા હતા.

એસએસ

એસએસ નાઝીઓનું રાજનીતિક પોલીસદળ હતું. એનું કામ હતું યહૂદીઓ અને નાઝી વિરોધીઓને શોધવાનું. લોકો એસએસથી ડરતા હતા.

5 જુલાઈના ખરાબ સમાચાર આવ્યા. માર્ગોના નામ પર કાગળ આવ્યો જેમાં એને એસએસની ઓફિસમાં હાજર રહેવાનું કહેવામાં આવ્યું. એ ફક્ત 16 વર્ષની હતી. એને અને બીજા યુવાન યહૂદીઓને જર્મનીમાં બનેલા કાર્યશિબિરોમાં મોકલવામાં આવવાના હતા.

ફ્રેન્ક પરિવારે ત્વરિત પગલાં ભરવાની જરૂર હતી. એમણે નક્કી કર્યું કે એ બીજા દિવસે જ છુપાવા ચાલ્યા જશે.

માર્ગો એ દિવસે જલ્દી સાઇકલથી ઓટ્ટોની સચિવ મીપ ગીસ સાથે નીકળી ગઇ. જો એ પકડાઇ જાત તો બંનેને આકરી સજા મળત.

એન અને એના માતા-પિતા પણ થોડા સમયમાં આવી પહોંચ્યા. એને પછી એના નવા ઘરનું વર્ણન કર્યું - એમાં ત્રણ રૂમ હતા, એક નાનો નાહવા-ધોવાનો રૂમ, એક સંડાસ, એક મોટો રૂમ જેમાં ચૂલો અને ખાળકૂંડી હતા, અને એક માળિયું પણ હતું.

એનની બિલાડી

એનને એની બિલાડીની દેખભાળ એના પાડોશીઓ પર છોડવી પડી. એને પછી લખ્યું: "મૂરજે, મારી બિલાડી જ એકમાત્ર જીવિત વસ્તુ હતી જેને મેં આવજો કહ્યું હતું."

એનના રૂમની દીવાલ પર એના મનપસંદ ચિત્રો

એને એના અને માર્ગોના રૂમમાં ફિલ્મી કલાકારોના ચિત્રો લગાવ્યા જેનાથી એ ઘર જેવો લાગે. પણ એ ઘર બહુ ભીડ-ભાડવાળું થઇ જવાનું હતું - બીજા ચાર લોકો એ જ ગુપ્ત ઘરમાં આશ્રય લેવા આવવાના હતા.

ગુપ્ત જીવન

13 જુલાઈ ના બીજો એક યહૂદી પરિવાર, હર્મન અને ઓગસ્ટ વાન પેલ્સ અને એનો દીકરો પીટર પણ આ જ ઉપ-ભવનમાં છુપાવા આવ્યા. ચાર મહિના પછી ફ્રીઝ ફેફર, એક દંત ચિકિત્સક, પણ આવ્યો. હવે ત્યાં સંતાવાવાળા આઠ લોકો હતા.

દિવસના સમયે નીચે વખારમાં કામગાર હોય, એટલે બધાએ ગુસપુસ કરીને વાતો કરવી પડતી. એ નળને ખોલવાની કે સંડાસ સાફ કરવા માટે પાણી છોડવાની હિમ્મત કરી શકતા ન હતા. જો જમીન પર ચાલવાથી અવાજ થાય અથવા કોઈ વસ્તુના પડવાનો અવાજ આવે તો વખારમાં કામ કરતા લોકોને એ શક થઈ શકતો હતો કે ત્યાં યહૂદી છુપાયેલા છે.

આવી રીતે જીવવાથી બધા પરેશાન થઈ ગયા હતા. એને એ પ્રસંગ વિષે લખ્યું જયારે પેલ્સ દંપતીએ એટલા જોરથી દલીલ કરી કે એને લાગ્યું કે લોકોએ એ જરૂર સાંભળ્યું હશે.

ઘણા લોકોએ છુપાયેલા લોકોની દેખભાળ કરવામાં અને એની જાણકારી ગુપ્ત રાખવામાં ભારે જોખમ ઉઠાવ્યું. કારણકે જે લોકો યહૂદીઓની મદદ કરતા પકડાઇ જતા એની સાથે એસએસ બહુ સખ્તાઈ કરતા હતા.

વખારના માલિક વિકટર કુગ્લરે ઉપ-ભવનના દરવાજાને છુપાવવા માટે પુસ્તકોનું એક કબાટ બનાવ્યું હતું.

આ પરિવારો માટે ખાવાનું ખરીદવાની કોશિશમાં મીપ ગીસ રોજ પોતાને જોખમમાં નાખતી હતી.

"એ રોજ શાકભાજીની શોધમાં નીકળે છે," એને લખ્યું, "અને ખરીદેલું બધું મોટા થેલામાં નાખીને સાઇકલમાં પાછી ફરે છે." મીપ ખાવાનું ખરીદવાની ખોટી કૂપન પણ બનાવતી હતી. સારા નસીબે નાઝી એને ક્યારેય પકડી ન શક્યા.

બેપ વોશકલ, ઓફિસમાં કામ કરતો એક સાથી, છુપી રીતે દૂધ પહોંચાડતો, અને માર્ગો અને એનના કપડાં નાના થઈ જતા ત્યારે નવા કપડાં પણ લઈ આવતો.

એનની ડાયરીના પાના અને એનું ફોટો આલ્બમ

આવી રીતે સંતાઈને રહેવું એન માટે બહુ મુશ્કેલ હતું. દોઢ વરસ પછી એને લખ્યું, "મને સાઇકલ ચલાવવાની, નાચવાની, સિટી વગાડવાની, દુનિયા જોવાની, પોતાને કિશોરી અનુભવવાની અને એ જાણવાની તીવ્ર ઈચ્છા હોય છે કે હું આઝાદ છું. પણ હું આ બધું કરી શકતી નથી."

એક ચેતનવંતી છોકરી માટે બોલ્યા વગર, હલ્યા વગર કલાકો વિતાવવા મુશ્કેલ હતા, અને એન ઘણીવાર મુશ્કેલીમાં મૂકાતી હતી.

"માર્ગો સ્વભાવથી જ સારી અને ચતુર છે," એને લખ્યું, "પણ મારામાં અમારા બંને માટે ઘણા મસ્તી-તોફાન છે."

પણ એન ઓછામાં ઓછું એની ડાયરીને તો એ જણાવી શકતી હતી કે એને કેવું લાગે છે. એણે લખ્યું કે એને એના પિતા સૌથી વધારે પ્યારા છે, કારણકે એ હંમેશા એનો બચાવ કરતા હતા. ફક્ત એની ડાયરીને એ ખબર હતી કે એણે શરૂઆતમાં વિચાર્યું હતું કે પીટર વન પેલ્સ "આળસુ અને બેવકૂફ" છોકરો છે, પણ પછી એને એ સારો લાગવા લાગ્યો. એને એની આશાઓ અને સપનાઓના પણ વર્ણન કર્યા - કે એ મોટી થઈને લેખિકા બનવા અને પ્રેમમાં પડવા ચાહે છે.

ઉપ-ભવનમાં ભણતર

સંતાવા દરમ્યાન એન અને માર્ગોએ ભાષાઓ, ગણિત, ભૂગોળ અને ઇતિહાસ ના અધ્યયન કર્યા. એણે પુસ્તકો વાંચ્યા અને રેડીઓ સાંભળ્યા.

નાઝી દ્વારા ધરપકડ

સંતાયેલા પરિવારોને હંમેશા એ ડર રહેતો હતો કે એને શોધી લેવામાં આવશે. કોઇ પણ અવાજ સંકટ હોઇ શકતો હતો.

એપ્રિલ 1944 ની રાતે ઉપ-ભવનમાં રહેતા પુરુષોએ નીચે વખારમાં ચોરને ઘુસતા સાંભળ્યા અને એ તપાસ કરવા નીચે ગયા.

ચોર તો ભાગી ગયા, પણ બે પાડોશીઓએ અવાજ સાંભળ્યા અને જોવા આવ્યા. હવે ઉપ-ભવનના પુરુષોએ ભાગવું પડયું. એ ઉપર દોડયા અને પુસ્તકોના કબાટવાળા દરવાજાને સ્ફૂર્તિથી બંધ કરી દીધો.

સૌથી ખરાબ એ બન્યું કે પોલીસે ઉપ-ભવનની ઝડતી લીધી અને એ રૂમ સુધી ઘુસી આવ્યા જ્યાંથી ઉપ-ભવનનો રસ્તો જતો હતો.

એને નીચેના રૂમમાં એના પગલાંનો અવાજ સાંભળ્યો. એક પોલીસકર્મીએ પુસ્તકોના નકલી કબાટને બે વાર ખખડાવ્યું.

એને લખ્યું, "બધા ડરથી ધ્રુજવા લાગ્યા. મેં ઘણા દાંતના કકડવાનો અવાજ સાંભળ્યો, પણ કોઇએ એક હરફ પણ ન ઉચ્ચાર્યો."

આખરે પગલાંના અવાજ બંધ થયા.

એને આગળ લખ્યું, "અમારામાંથી કોઇએ એ રાત પહેલા આવા સંકટનો સામનો કર્યો ન હતો."

બહાર એમ્સ્ટર્ડેમમાં ઘણા દુશ્મન હતા. સૌથી ભયરૂપ એ લોકો હતા જે છુપાયેલા યહૂદીઓ વિષે વાતચીત કર્યા કરતા હતા. એસએસ એવા લોકોને લાંચ પણ આપતા હતા જે છુપાયેલા યહૂદીઓ વિષે જાણકારી આપવા તૈયાર હોય.

બે વરસ સંતાયેલા રહ્યા પછી એનને ભરોસો થઇ ગયો હતો કે એને થોડા સમયમાં બચાવી લેવામાં આવશે. 6 જૂન 1944 ના દિવસે રેડીઓમાં ઉત્સાહજનક સમાચાર આવ્યા. મિત્ર રાષ્ટ્રોની સેનાઓ ઉત્તરી ફ્રાન્સમાં નોર્મન્ડીના તટ પર આવી પહોંચી હતી.

ડી ડે

6 જૂન 1944 ને ડી ડે કહેવામાં આવ્યો. હજારો બ્રિટિશ અને અમેરિકન સૈનિકોએ નોર્મન્ડી પર હૂમલો કર્યો જેથી ઉત્તરી ફ્રાન્સને નાઝીઓથી આઝાદ કરી શકે.

એને એની ડાયરીને કહ્યું, "...મને લાગે છે કે મિત્રો થોડા સમયમાં આવશે."

પણ મિત્ર રાષ્ટ્રોની સેના એમ્સ્ટર્ડેમ પહોંચે એ પહેલા જ સ્વતંત્ર થવાના એનના સપના વિખરાઇ ગયા.

4 ઓગસ્ટ 1944 ના દિવસે બાતમીદારે ગેસ્ટાપો, નાઝીઓની છુપી પોલીસ, ને જણાવ્યું કે 263, પ્રિન્સેનખાટ માં યહૂદીઓએ આશરો લીધો છે. એ કોઈને ખબર નથી કે ગેસ્ટાપોને એ જાણકારી આપવાવાળું કોણ હતું.

જ્યારે પોલીસ પ્રિન્સેનખાટ પહોંચી તો એને પહેલેથી ખબર હતી કે શરણાર્થીઓને ક્યાં શોધવાના છે. એણે વિકટર કુગ્લરને પુસ્તકોનું કબાટ ખોલવા માટે મજબૂર કર્યો જ્યાંથી ઉપ-ભવનનો રસ્તો જતો હતો.

પોલીસે સંતાયેલા લોકોને બંદૂકની અણીએ ભેગા કર્યા અને એની ધરપકડ કરી. પછી એણે ઉપ-ભવનની પૈસા અને ઘરેણાં માટે ઝડતી લીધી. એણે એ જૂની બેગ પણ ખોલી જેમાં એન એની ડાયરી રાખતી હતી. પણ એને એવું કંઈ ન મળ્યું જેમાં એની રુચિ હોય. એટલે એણે એનની ડાયરી અને બીજા છૂટા પાના ભોંય પર ફેંકી દીધા.

પોલીસે બંધકોને પગથિયાંથી નીચે ઉતારીને એક ટ્રકમાં બેસાડયા. જ્યારે એ જતા રહ્યા ત્યારે મીપ ગીસે એનની ડાયરી અને એની સાથેના છૂટા પાનાને એનના પાછા આવવા સુધી એક ટેબલના ખાનામાં સાચવીને મૂકી દીધા.

એનની ડાયરી

1944 સુધી એને જે કંઈ લખ્યું હતું, એનાથી એના પિતાએ આપેલી ડાયરી, ત્રણ નોટબૂક અને ઘણા છૂટા પાના ભરાઈ ગયા હતા.



ફ્રેન્ક પરિવાર અને ઉપ-ભવનમાં રહેતા બીજા લોકોને 8 ઓગસ્ટ 1944 ના દિવસે રેલગાડીથી જર્મનીની સીમા પર સ્થિત વેસ્ટરબોર્ક જેલ શિબિરમાં લઈ જવામાં આવ્યા.

એન, માર્ગો અને એના માતા-પિતાના વાળ નાના કાપવામાં આવ્યા અને એને જેલનો પહેરવેશ અને લાકડાના બૂટ પહેરવા પડયા.

એને એ કારખાનામાં કામે લગાડવામાં આવ્યા જેમાં જૂની બેટરીને તોડવામાં આવતી હતી. કામ ગંદુ અને મુશ્કેલ હતું, પણ બે વરસથી પણ વધારે ઘરમાં બંધ રહ્યા પછી એન ક્યારેક એના ચહેરા પર સૂર્યપ્રકાશનો અનુભવ કરી શકતી હતી.

પણ ત્રણ અઠવાડિયા પછી પરિવારને ઓશવિત્ઝ બર્કેનાઉની યાતના શિબિરમાં મોકલી દેવામાં આવ્યા, જેને નાઝીઓએ એવા લોકોને મારી નાખવા માટે બનાવી હતી જેને એ "અનિચ્છનીય" માનતા હતા. ત્યાં સેંકડો હજારો લોકોને મારી નાખવામાં આવ્યા હતા. ફ્રેન્ક પરિવાર એ આખરી રેલગાડીમાં સવાર હતા, જેને નેધરલેન્ડથી એ ભયાનક શિબિરમાં લઈ જવામાં આવ્યા હતા.

ઓશવિત્ઝ મોકલવામાં આવી રહેલા પરિવાર.

એન અને માર્ગો ફક્ત થોડા અઠવાડિયા જ ઓશવિત્ઝમાં રહ્યા. પછી બંને છોકરીઓને માતા-પિતા વગર બર્ગન-બેલ્સન શિબિરમાં મોકલી દેવામાં આવી - એ પણ ડરામણી શિબિર હતી, ગંદગી અને રોગથી ભરેલી.

ત્યાં બંધકોને એટલુ ઓછું ખાવાનું આપવામાં આવતું હતું કે એ ભૂખ્યા મરી રહ્યા હતા. શિયાળો હતો અને એન અને માર્ગો પાસે પહેરવા માટે ફક્ત ફાટેલા ચીંથરા જ હતા. ઠંડી અને ભુખ્યી છોકરીઓને ટાઈફ્સ નો રોગ થયો અને ફેબ્રુઆરી કે માર્ચમાં માર્ગોનું મૃત્યુ થઇ ગયું. એન એની બહેનને ખોઈ ચુકી હતી અને એને એવું પણ લાગી રહ્યું હતું કે એના માતા-પિતાને ઓશવિત્ઝમાં મારી નાખવામાં આવ્યા છે. એ પોતે પણ બહુ બીમાર હતી, માર્ગોના મૃત્યુના થોડા દિવસોમાં જ એનનું પણ મૃત્યુ થયું.

પણ ફ્રેન્ક પરિવારનો એક સદસ્ય બચી ગયો હતો. જાન્યુઆરી 1945 માં રશિયન સૈનિકો પોલેન્ડ પહોંચી ગયા હતા. જયારે એ ઓશવિત્ઝ પહોંચ્યા તો એણે ત્યાં બચી ગયેલા કેદીઓને મુક્ત કર્યા.

એનની માઁ નું મૃત્યુ શિબિર મુક્તિના થોડા સપ્તાહ પહેલા જ થઇ ચૂક્યું હતું, પણ ઓટ્ટો જીવતા હતા.

રશિયન સૈનિકોએ ઓશવિત્ઝ ના બધા કેદીઓને આઝાદ કર્યા

એનની વાર્તા કહેવી

7 મે 1945 ના દિવસે જર્મનીએ સમર્પણ કર્યું અને બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. લગભગ છ વરસ ચાલેલા જંગ પછી દુનિયામાં ફરી શાંતિ હતી. ઓટ્ટો ફ્રેન્ક એન અને માર્ગોને શોધવા એમ્સ્ટર્ડેમ પાછા ફર્યા.

વિભિન્ન શિબિરોમાં મોકલાયેલા લોકોની હાલત શું થઇ હતી એ જાણવું સરળ ન હતું, પણ જુલાઈ 1945 માં ઓટ્ટોને ખબર પડી ગઇ કે એની બંને પુત્રીઓના મૃત્યુ થઇ ગયા છે. ઓટ્ટો સિવાય ઉપ-ભવનમાં છુપાયેલા બધા લોકો મરી ચુક્યા હતા.

મીપ ગીસ

મીપ ગીસ હવે નેવું પાર કરી ચુક્યા છે અને હજી એમ્સ્ટર્ડેમમાં રહે છે. એણે ઉપ-ભવનમાં સંતાયેલા પરિવારો પ્રતિ જે માણસાઇ દાખવી હતી, એને માટે એને ઘણા સન્માન આપવામાં આવ્યા.

પણ બધું નષ્ટ થયું ન હતું કે ખોવાયું ન હતું. મીપ ગીસ પાસે એનની ડાયરી હજી હતી. એણે એ ડાયરી ઓટ્ટોને આપી.

ઓટ્ટોએ એનની ડાયરી વારે-વારે વાંચી. અંતે એણે નિર્ણય કર્યો કે એના પરિવારે છુપાઇને વીતાવેલા જીવનની કહાણી બધાએ વાંચવી જોઇએ.

એનના પુસ્તકના વિવિધ સંસ્કરણોના મુખપૃષ્ઠ

ઓટ્ટોએ એનની ડાયરીને એક પુસ્તકનું સ્વરૂપ આપ્યું, જેને 1947 માં નેધરલેન્ડમાં પ્રકાશિત કરવામાં આવ્યું. એનો ઘણી ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો. અમેરિકામાં એ એન ફ્રેન્ક: એ ડાયરી ઓફ એ યન્ગ ગર્લ ના શીર્ષક સાથે 1952 માં પ્રકાશિત કરવામાં આવ્યું.

અત્યાર સુધીમાં એની 2 કરોડ 50 લાખ પ્રત વેચાઇ ગઇ છે. જે છોકરીએ લેખિકા બનવાના સપના જોયા હતા, એ હવે દુનિયાના મશહૂર લેખકોમાં એક બની ચુકી છે અને એના જીવન વિષે ઘણા નાટક અને ઘણી ફિલ્મો બની ચુકી છે.

ઘણા દેશોમાં એનના સ્મારક છે. જયારે લોકો એન વિષે વિચારે છે, તો એ એના વિનોદી સ્વભાવ, ભવિષ્યને લઈને એની આશાઓ અને સપનાઓ વિષે પણ વિચારે છે. એ એવા બધા લોકો વિષે વિચારે છે જેના જીવન પૂર્વગ્રહ અને યુદ્ધને લીધે નષ્ટ થઇ ગયા હતા.

યુટ્રેકટમાં એન ફ્રેન્કની પ્રતિમા

એક એનિમેટેડ ફિલ્મ
સૌથી તાજેતરનું સંસ્કરણ ફ્રાન્સની એનિમેટેડ ફિલ્મ છે જેનું નામ છે એન ફ્રેન્કની ડાયરી.

263 પ્રિન્સેનખાટ ની આગળની ઓફિસ

263 પ્રિન્સેનખાટ ની વખારની પાછળનું ઉપ-ભવન આજે પણ છે. એના રૂમ ઘણા સમય પહેલા ખાલી કરી દેવામાં આવ્યા હતા, પણ 1960 માં એને એન ફ્રેન્ક હાઉસ નામના સંગ્રહાલયના રૂપમાં ખોલવામાં આવ્યું.

દર વર્ષે દુનિયાભર માંથી સેંકડો હજારો લોકો પુસ્તકોના કબાટની પાછળ બનેલા પગથિયાં ચઢે છે. એ બધા રૂમમાં ફરે છે જ્યાં ફ્રેન્ક પરિવાર અને એના મિત્રો રહેતા હતા, અને કલ્પના કરવાની કોશિશ કરતા હતા કે બે વર્ષો સુધી ત્યાં સંતાઈને રહેવાનું કેવું લાગ્યું હશે.

એનના મનપસંદ ચિત્રો હજી પણ દીવાલ ઉપર લગાડેલા છે અને ત્યાં છુપાઈને રહેલા લોકોની થોડી અંગત વસ્તુઓ પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

એન અને એના પરિવાર સાથે ભયંકર ઘટનાઓ ઘટી, પણ એનને વિશ્વાસ હતો કે લોકો દુનિયાને એક વધારે સારી જગ્યા બનાવી શકે છે. " બધી પ્રતિકૂળતાઓ છતાં," એને એની ડાયરીમાં લખ્યું હતું, "હું હજી માનું છું કે લોકો દિલથી સારા જ હોય છે."

એન ફ્રેન્ક 1929-1944